વડીલોને વંદન અભિનંદન

મણીલાલ મોરારદાસ પટેલ
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૯૨૦૯

દુષ્યંત સુરેશચંદ્ર દિવાન
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૮૪૫૭

ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩ વિધાનસભામાં વિના વિરોધ પસાર

ગાંધીનગર, તા. ૨૭

સિંચાઈ માટેનું પાણી વ્યવસ્થિત રીતે અને કોઈ અવરોધ વિના નહેરો દ્વારા ખેડૂતોના ખેતરો સુધી પહોંચે તે માટે નહેર બાંધકામ, તેની નિભાવણી, તેનું નિયમન, નહેરોમાંથી પાણી આપવું કે પિયાવો લેવા જેવી અગાઉની અનેક જોગવાઈઓમાંથી અપ્રસ્તુત બનેલી કેટલીક જોગવાઈઓમાં સુધારો સૂચવતું "ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક-૨૦૧૩" આજે વિધાનસભા ગૃહમાં મૌખિક મતદાન દ્વારા વિનાવિરોધે પસાર થયું હતું.

વિધાનસભા ગૃહમાં જળસંપત્તિ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાએ "ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક-૨૦૧૩" રજૂ થયેલાં આ બીલ પરની ધારાસભ્યશ્રીઓએ આજની ચર્ચામાં ભાગ લઈ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ બીલ રજૂ કરતા સૂચિત બીલની પઝાદભૂમિકા અને તેની ઉપયોગીતા સ્પષ્ટ કરતાં મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું કે, આ વિધેયક અમલી બનતા ખેડૂતોને નહેરોના નેટવર્ક દ્વારા સિંચાઈના પાણી મેળવવામાં સુગમતા રહેશે.

રાજ્ય સરકારે લાભાર્થી ખેડૂતોના હિતમાં ગુજરાત સિંચાઈ અધિનિયમની કેટલીક કલમોમાં સુધારાઓ કરેલા છે, તેમ જણાવી મંત્રીશ્રીએ તેની વિગતો આપી હતી. અગાઉ નહેર સુધારણા માટે ખેડૂતો પાસેથી ચાર્જ વસૂલાતની જોગવાઈ હતી. પરંતુ હવે તમામ જૂની થઈ ગયેલી સિંચાઈ નહેરોની પોતાના ખર્ચે સુધારણા કરીને, છેવાડાના ખેડૂત સુધી પાણી પહોંચાડવા માંગે છે તેથી ખેડૂતો પાસેથી આવા ચાર્જ લેવાની જોગવાઈને લગતી તમામ કલમો (કલમ ૪૯ થી ૫૬) રદ કરેલ છે. અગાઉના અધિનિયમમાં ખેડૂતોના ખર્ચે પોતાના ખેતરની નીક બાંધવા માટેની કલમ ૧૫(ક)માં જે જોગવાઈ હતી તેમાં પણ ફેરફાર આ વિધેયકમાં કરાયેલ છે. તે મુજબ સરકાર જરૂર પડયે આવી તમામ નીકો પોતાના ખર્ચે બાંધીને તેની મરામત કરશે, જેથી ખેડૂતો પર કોઈ વધારાનો બોજો ન પડે અને નહેરોના સંચાલનમાં સરળતા રહે તે માટે અગાઉના અધિનિયમની આ અંગેની કલમ ૧૬ થી ૨૬ હવે અપ્રસ્તુત રહેતા પસાર થયેલ આ નવા વિધેયકમાં તેને રદ કરાઈ છે.

નહેરોના નેટવર્કમાં પાણીને અવરોધવાના કે નહેરોને નુકશાન થવાની અને આવી પ્રવૃત્તિઓના કારણે જરૂરિયાતમંદ ખેડૂતોને પુરતું પાણી મળતું ન હોવાની ઘટનાઓને નિવારવા પણ ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક, ૨૦૧૩ વિધેયકમાં દંડની રકમમાં ફેરફાર કરાયો છે. મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું કે, સરકાર છેવાડાના ખેડૂતને કોઈપણ જાતની મુશ્કેલી વગર સિંચાઈનું પાણી મળી રહે તે માટે પ્રતિબદ્ધ છે એટલે જ પાણી વિતરણ વ્યવસ્થામાં અવરોધ, વિક્ષેપ સર્જનારા સામે સરકાર કડક હાથે કામ લેશે. કોઈ વ્યક્તિ મનસ્વી રીતે નહેરોમાંના પાણીને અવરોધે કે નહેરને નુકશાન કરે કે નહેરનું કોઈ પાણીબારુ ઉઘાડ-બંધ કરે વગેરે જેવી કોઈ કાર્યવાહી કરે કે જેનાથી લાભાર્થી ખેડૂતોને પાણી ન મળવાના કે ઓછું મળવાના કારણે નુકશાન વેઠવું પડે તે સરકાર ચલાવી લેશે નહીં એટલા માટે જ અધિનિયમની કલમ ૬૧ અને ૬૨ અન્વયે આ ગુનામાં જે શિક્ષા સૂચવી હતી તેમાં વધારો આ નવા વિધેયકમાં સૂચવાયો છે તે મુજબ પાણીના અવરોધ બદલ કે જથ્થામાં વધારા ઘટાડા બદલ જવાબદાર વ્યક્તિને અગાઉના રૂા. ૫૦ને બદલે રૂા. ૫૦૦૦ સુધીનો દંડ અથવા અગાઉની ૧ માસની કેદની સજાને બદલે વધુમાં વધુ ત્રણ મહિના સુધીની કેદ અથવા બંને સજાની જોગવાઈ સૂચવાઈ છે. તે જ રીતે નહેરની મજબૂતી અને સલામતી જોખમાવવા બદલ જવાબદાર વ્યક્તિ સામે દંડ તરીકે રૂા. ૨૦૦ અથવા છ માસ સુધીની સજા અથવા બંનેની જોગવાઈ હતી તે વધારીને હવે રૂા. ૧૦,૦૦૦ સુધીનો દંડ અથવા છ મહિના સુધીની કેદ અથવા બંને સજાની જોગવાઈ પણ સૂચવાઈ છે.

મંત્રી શ્રી બોખીરીયાએ જણાવ્યું કે, આ વિધેયક અંગે રાજકીય અવલોકનો કરવામાં આવીને ખેડૂતોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો થયા છે તે દુઃખદ છે. હકીકતમાં સૂચિત ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક, ૨૦૧૩ના કાયદાની કલમ ૩૭ અને ૩૮માં જે સજા અને દંડની જોગવાઈ કરી છે તેની સરખામણીમાં કેન્દ્ર સરકારના પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ટૂ પબ્લિક પ્રોપર્ટી એકટ, ૧૯૮૪ની કલમ-૩માં સજા અને દંડની જોગવાઈ વધારે કડક છે.

ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ નિષ્પક્ષતાને કારણે મોખરાનું સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ નિષ્પક્ષતા અને સાતત્યપૂર્ણ વ્યવસ્થાને કારણે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીકાંત પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ દરમિયાન ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં ગુજરાત સિવાયના અન્ય રાજ્યો અને કેન્દ્રીય સંસ્થાઓ મળીને કુલ ૩૪ સંસ્થાઓ-કચેરીઓના કુલ ૧,૫૧૫ કેસોના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીકાંતભાઈ પટેલે સાબરમતીના ધારાસભ્ય શ્રી અરવિંદકુમાર પટેલના પ્રૅન્નો જવાબ આપતાં જણાવ્યું હતું કે, આ પરીક્ષણો દ્વારા એફ.એસ.એલ.ને વર્ષ ૨૦૧૧માં રૂા. ૧,૬૦,૭૬,૭૧૧ અને વર્ષ ૨૦૧૨માં રૂા. ૧,૭૫,૯૪,૨૮૭ની આવક થઈ છે.

શ્રી રજનીકાંતભાઈ પટેલે ધારાસભ્ય શ્રી ભૂષણભાઈ ભટ્ટના પ્રૅન્નો જવાબ આપતાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ભારે ચકચારી બનેલા નવી દિલ્હીના આરૂષી ખૂન કેસ જેવા અનેક કેસોમાં પણ ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ બ્રેઈન મેપીંગ ટેસ્ટ અને નાર્કો એનાલીસીસ ટેસ્ટ દ્વારા મહત્વની મદદ કરી છે. તેમણે ધારાસભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેના પ્રૅન્નો જવાબ આપતાં એમ પણ જણાવ્યું હતું કે, ગૌમાંસના સ્થળ પરીક્ષણ માટે મોબાઈલ પરીક્ષણ વાન જેવી અનેક સુવિધાઓ ધરાવતી ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી આખા દેશમાં સૌથી વધુ ભારે ચકચારી બનેલા નવી

વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ, વાઈસ એડમિરલ આર.કે. ધોવન રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ભારતીય નૌસેનાના વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ, એડમિરલ આર.કે. ધોવને આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગુજરાતની મુલાકાતે આવેલા વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ (નવી દિલ્હી) રાજયપાલશ્રીને મળ્યા તે સમયે નૌ સેનાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

ભારતીય નૌ-સેનાના ઉપ વડા વાઈસ એડમિરલ ધોવાન મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ભારતીય નૌ-સેનાના વાઈસ ચીફ, વાઈસ એડમિરલશ્રી આર. કે. ધોવાને વિધાનસભા સચિવાલય ખાતે સૌજન્ય મૂલાકાત લીધી હતી. ગુજરાત, જે ૧૬૦૦ કિ.મી. લાંબો સમુદ્રકિનારો ધરાવે છે તેની સામૂદ્રિક સુરક્ષાની વ્યૂહાત્મક બાબતો અંગે પણ મુખ્યમંત્રીશ્રી સાથે તેમણે પરામર્શ કર્યો હતો.

અવસાન નોંધ

નિવૃત્ત સહાયક માહિતી નિયામક ગજેન્દ્રપ્રસાદ વી. શુક્લનું અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૩૦થી ૬ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૫૨૮/૧, સે. ૨-સી ખાતે રાખવામાં આવ્યું છે.

સેક્ટર-૧૫ ખાતે આવેલ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ક્રિકેટ ગ્રાઉન્ડમાં ઘણા સમયથી કાટમાળ ખડકી દેવામાં આવ્યો છે તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

પાલનપુરમાં ઉનાળાના પ્રારંભે જ પીવાના પાણીના ધાંધીયાથી પ્રજા ખફા

પાલનપુર, તા. ૨૭

રાજ્ય સરકાર પ્રજાને પીવા માટે પાણીની કરોડો રૂપીયાની યોજનાઓ બનાવે છે. પરંતુ હજી સુધી પાલનપુરના લોકોને નિયમીત પુરતા પ્રમાણમાં પીવાનું પાણી નગરપાલિકા -પાણી પુરવઠા કે ધરોઈ યોજનામાંથી મળતું નથી.

છાસવારે ધરોઈ પાઈપલાઈનમા ગાબડુ, સંપ ખરાબ, સંપ સફાઈ કે પછી ધરોઈ મેન સપ્લાય વાલ્વની ખરાબી રીપેરીંગના બહાનાતળે તંત્ર દ્વારા વારંવાર દોઢથી બે લાખની જન સંખ્યા ધરાવતા પાલનપુરવાસીઓને પીવાનું પાણી આપવામાં જે ઠાગાઠૈયા કરે છે તેનાથી શહેરીજનો વાજ આવી ગયા છે. પહેલા શહેરમાં જુદા જુદા બોર દ્વારા મીરાગેટ ટાંકીથી શહેરના મોટાભાગના વિસ્તારોને પાણી અપાતુ પછી ૧૦ વર્ષ અગાઉ ધરોઈ યોજનામાં જ શહેરને પાણી આપવાની શરૂઆત થઈ. ત્યારથી આજદિન સુધી વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ વાર પાણી વિતરણમાં નગરપાલિકા દ્વારા બે થી ત્રણ દિવસનો કાપ મુકવાની રિક્ષા દ્વારા કેપ્રેસનોટ દ્વારા જાહેર કરી જવાબદારીમાંથી ગંભીર પ્રકારની છટકબારી શોધી લે છે. તેના પ્રત્યે લાખો રૂપિયાના ટેક્ષ ભરતા શહેરીજનો પાલિકાતંત્ર-પાણી પુરવઠા-ધરોઈ યોજનાના લાગતા-વળગતા ભ્રષ્ટ સત્તાધીશો-સરકારીબાબુઓ સામે ભારે રોષ વ્યક્ત કરી રહ્યા છે.

નગરપાલિકાના સત્તાધીશો-સભ્યોને કે તેમના પાણી પુરવઠાના જવાબદાર અધિ. સાથે સારા સબંધો ધરાવનારાઓને ત્યાં પાણી સપ્લાય બંધ હોય ત્યારે નગરપાલિકાનું આખે આખુ ટેન્કર એક મોબાઈલ ફોન પર મોકલી દેવાય છે. બાકીના અમીર-ગરીબ મધ્યમ વર્ગના સહેરીજનો પાણી વિના ભારે કફોડી હાલતમા મુકાય છે. ખમી શકનાર લોકો ૩૦૦ થી ૩૫૦ રૂ.નું ખાનગી ટેન્કર મંગાવી પાણી મેળવી લે છે. ને બાકીના લોકોને રાંધવાનું-પીવાનું કે ન્હાવા ધોવાનું પાણી મેળવવા અહીંથી ત્યાં એમ ફોગટફેરા ડોલ-ડબલા-માટલા લઈને ફરવું પડે છે. ત્યારે પાણી પણ પુરતા પ્રમાણમાં આપી ના શકતી સુધરાઈ દ્વારા ટેક્ષ ભરવા ઢોલ પીટાય છે તેવી બહાદુરી શહેરીજનોને જીવન જરૂરીયાત અને પ્રાથમિક સુવિધા પાણી-સફાઈ-લાઈટ નિયમિત આપવામાં ક્યારે સફળ થશે ?

પી.કે. ચૌધરી મહિલા આર્ટર્સ કૉલેજમાં રક્તદાન શિબિર યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં એન.એસ.એસ. યુનીટ અને વાય.આર.સી.ના ઉપકમે અમદાવાદ સિવીલ હોસ્પિટલ જુનિયર સિટીઝન્સ કાઉન્સિલના સહયોગથી રક્તદાન શિબિર યોજાઈ હતી.

મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, પાધ્યાપકો, રક્તદાન કરીને મહાદાન શીર્ષકને સાર્થક કર્યું હતું. આચાર્યા પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ માર્ગદર્શન આપ્યું હતું. જુસીકાના કમલભાઈ ચૌધરી, મેહુલ શાસ્ત્રી, હાજર રહ્યાં હતા. એન.એસ. એસ યુનિટના વડા એન.કે. પટેલ અને ડૉ. લીલા સ્વાદિયાએ સમગ્ર આયોજન કર્યું હતું.

ભાવનગરની શ્રી જગદિશ્વરાનંદ પ્રાથમિક શાળાના બાળકો મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ભાવનગર - નારીની શ્રી જગદિશ્વરાનંદ -થમિક શાળાના બાળકોએ વિધાનસભામાં મુલાકાત લીધી હતી.

ભાવનગરના ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણીએ આ બાળકોના ગુજરાત વિધાનસભાની કાર્યવાહી નિહાળવાના શૈક્ષણિક -વાસનું આયોજન કર્યું હતું. તેના ભાગરૂપે આ બાળકોએ આજે વિધાનગૃહની કાર્યવાહી નિહાળી હતી અને મુખ્ય મંત્રીશ્રી સાથે મુલાકાત લીધી હતી અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે રસ-દ વાર્તાલાપ કર્યો હતો.

ખેડૂત વિરોધી વિધેયક મુલ્તવી રાખવા શંકરસિંહની માંગણી

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહજી વાઘેલાએ જણાવ્યું હતું કે, ખેડૂત વિરોધી બોમ્બે ઈરીગેશન એક્ટ, ૧૮૭૯, જેને રદ કરી ગુજરાત સરકારે ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક, ૧૩ રજૂ કર્યું હતું, જે મંત્રીશ્રી પાછું ખેંચશે અથવા તો સારી વાત કરશે તેવી આશા હતી. અંગ્રેજો પાસે જ્યારે દેશ ગુલામ હતો ત્યારે નાના ખેડૂતો હતા જ નહીં, ખેડૂતો રાજા-મહારાજાઓ જ હતા અને એમને કાબુમાં રાખવા માટે અંગ્રેજો દ્વારા આ કાયદો અમલમાં મૂકેલ. આટલા વર્ષો સુધી મુંબઈ રાજ્ય હતું, મહારાષ્ટ્ર અને ગુજરાત બન્યું પણ કોઈ સરકારોએ આ કાયદાને છંછેડવાની કોશિષ કરી નથી. અંગ્રેજોની ખેડૂતોને ગુલામ રાખવાની જે માનસિકતા હતી તે જ માનસિકતા આજની ભાજપ સરકારની છે. ભાજપની આજની સરકાર પણ અહીં ૧૨ વર્ષથી બેઠી છે, નર્મદાની કેનાલોનું કામ પૂર્ણ કરી શકી નથી, ખેડૂતોને સિંચાઈ માટે પર્યાપ્ત માત્રામાં પાણી આપી શકતી નથી, ખેડૂતોને ટ્યુબવેલ માટે વીજળી આપી શકતી નથી એટલે ખેડૂતોનું ગળું દબાવવાનો આ પ્રયત્ન છે.

શબ્દાવલી - ૪૯૯૨



આડી ચાવી

૧. હોંશિયારી, ચાલાકી (૩)
(૩) જેની સાથે પરણવાનું છે તે કન્યા (૪)
૬. દૂધની મલાઈ (૨)
૭. એક માતાના પેટે જન્મેલો (૪)
૮. સહિયારૂં (૪)
૧૦. મોટી મોટી વાતો કરનાર (૫)
૧૩. વરસાદની રાહ જોતું પક્ષી (૩)
૧૪. ઢોરની ચામડી (૨)
૧૫. ખુબ ગભરાયેલું, ડરેલું (૪)
૧૭. એક ચપળ પક્ષી (૨)
૨૦. દાદ-ખાજ-ખુજલીની એક દવા (૪)
૨૧. રચેલું હોય તે (૩)

ઊભી ચાવી

૧. મુસીબત, કેર વર્તાવવો (૩)
૨. ફરજ પાડીને કરાવાય તે (૫)
૩. કૂવાવાળું ખેતર (૨)
૪. ... પ્રમાણે, ત્રેવડ પ્રમાણે (૨)
૫. રહેમ (૨)
૭. ફોર વ્હીલ ગાડી બનાવતી એક પ્રખ્યાત કંપની (૩)
૯. ચામડાની મોટી મશક (૩)
૧૧. વખત (૩)
૧૨. ઉપપત્ની (૩)
૧૩. જુદી જુદીચાલથી બધાને જીતનાર (૪)
૧૫. 'ભરૂચ' શબ્દ આડોઅવળો (૩)
૧૬. અંદર, ગોપાવેલ (૩)
૧૮. માછલુ (૨)
૧૯. દેશખાતર, બલિદાન (૨)

શબ્દાવલી ૪૯૯૧ના જવાબ

આડી ચાવી :- (૧) ગંદવાડ (૩) ઘાયલ (૫) રમત (૬) રિયાજ (૯) કીક (૧૧) રજકો (૧૩) ડફ (૧૫) કરડાકી (૧૭) વક (૧૯) મમ (૨૧) તરક્કી (૨૨) ખાદી (૨૩) રૂજ (૨૪) મણ (૨૫) ધાર

ઊભી ચાવી :- (૧) ગંડેરી (૨) ડર (૩) ઘાતકી (૪) લત (૭) યાર (૮) જજ (૧૦) કડકી (૧૨) કોકમ (૧૪) કાવતરૂ (૧૬) રમખાણ (૧૮) કરજ (૨૦) અધર

કંપની સમાચાર

એલ્કોન એન્જિનિયરિંગને બે પ્રતિષ્ઠિત ઓર્ડર મળ્યા એનસીપી પાસેથી રૂ. ૧૮૩ કરોડનો એ મોનેટ ઈસ્પાત એન્ડ એનર્જી પાસેથી રૂ. ૧૪.૪૨ કરોડનો ઓર્ડર

ભારતની સૌથી વિશાળ મટીરિયલ હેન્ડલિંગ ઈક્વિપમેન્ટસ અને ટ્રાન્સમિશન પ્રોડકટસ ઉત્પાદકમાંની એક એલ્કોન એન્જિનિયરિંગ કંપની લીમિટેડે એવી જાહેરાત કરી છે કે તેના વિભાગ એમએચઈ ડિવિઝનને મેસર્સ એનસીસી લિમિટેડ (ગત નાગાર્જુન કન્સ્ટ્રકશન કંપની લિમિટેડ) પાસેથી ૨x૬૬૦ એમવી એનસીસીપીપીએલ સુપર ક્રિટિકલ ટીપીપી માટે મેન્ડેટરી સ્પેર્સ સહિત ૪૦૦૦ ટીપીએચનું સંપૂર્ણ એકસટર્નલ કોલ હેન્ડલિંગ પાઈપ કન્વેયર સિસ્ટમ પેકેજનાં ડિઝાઈન, પુરવઠો, પરિવહન, બાંધકામ, પરીક્ષણ અને અમલ માટે રૂ. ૧૮૩ કરોડનો અને મોનેટ ઈસ્પાત એન્ડ એનર્જી લિમિટેડ પાસેથી કોલ અને આયર્ન ઓર તથા પેલે માટે અનુક્રમે ડિઝાઈન, એન્જિનિયરીંગ, ઉત્પાદન, શોપ ટેસ્ટિંગ, પરીક્ષણ, પેઈન્ટિંગ, પકિંગ અને ફોરવર્ડિંગ તેમજ ઈક્વિપમેન્ટ/મટીરીયલ પ્રાપ્તિ, એનલોડિંગ, સ્ટોરિંગ, સ્ટોરમાંથી બાંધકામ સાઈટ પર પરિવહન/ખસેડવા, પ્રી-એસેમ્બલી, બાંધકામ, સ્ટાર્ટ-અપ, ટ્રેઈલ ઓપરેશન, ટેસ્ટિંગ, કમિશનિંગ અને સ્ટેકર રિક્લેઈમર્સના પુરવઠાના પરફોર્મન્સ ગેરન્ટી ટેસ્ટ માટે રૂ. ૧૪.૪૨ કરોડના બે પ્રતિષ્ઠિત ઓર્ડર પ્રાપ્ત કર્યા છે.

અમદાવાદના રોકાણકારો માટે દ્વાર ખુલ્લાં મુકતું અજમાન ફ્રી ટ્રેડ ઝોન (યુ.એ.ઈ.)

અમદાવાદના નાના-મોટા રોકાણકારો, ઉદ્યોગસાહિસકો અને વેપારીઓને હવે અજમાન (યુએઈ)માં આકર્ષક રોકાણ કરી શકશે, જે અજમાન ફ્રી ઝોન ઓથોરીટી દ્વારા શક્ય બનશે. એએફઝેડએના ડિરેક્ટરના જનરલ હીઝ એક્સેલન્સી મહમુદ અલ હાશેમીએ બંને દેશો વચ્ચેના સામાજીક અને આર્થિક જોડાણો મજબૂત કરવાના હેતુથી સંભવિત રોકાણકારો અને પત્રકારોને સંબોધન કર્યું હતું. અફઝા ગ્રુપ સાથે ભારત અને એમીરેટ ઓફ અજમાન સાથે લાંબાગાળાનો આર્થિક સહયોગ સ્થાપવાના આશયથી કોન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ)ના પ્રતિનિધિઓ પણ આ બેઠકમાં જોડાયા હતા. ભારતીય રોકાણકારો મૂડી રોકાણનો પ્રારંભ કરીને મળતા અફઝા દ્વારા મળતા લાભોનો અનુભવ કરી શકશે.

અફઝામાં ૭,૦૦૦ થી વધુ રોકાણકારોએ રોકાણ કર્યું છે, તેમાં લઘુ અને મધ્યમ કદના રોકાણકારોનો ઘણો મોટો સમુદાય છે. હાલમાં ૪૦ ટકા કરતાં વધુ રોકાણ ભારતીય રોકાણકારો દ્વારા કરવામાં આવ્યું છે. અફઝા અજોડ પ્રકારનું સુગમ મૂડી રોકાણની તક અને લાયસન્સીંગના વિકલ્પો પૂરા પાડે છે. ફ્રી ટ્રેડ ઝોન એક ઘણા મોટા પ્લોટ ઉપર સ્થાપવામાં આવ્યું છે અને નવા પ્રોજેક્ટસ માટે તેનું વિસ્તરણ કરવામાં આવશે. અજમાન ઈન્ડસ્ટ્રીલ એન્ડ ટ્રેડ ફ્રી ઝોનનું આયોજન એ પ્રકારે કરવામાં આવ્યું છે કે વિવિધ પ્રકારના બીઝનેસ અને ઉદ્યોગો અજમાન બંદરેથી પોતાના સળે માલ રવાના કરી શકે. અજમાન ફ્રી ઝોનમાં રોકાણની અત્યંત મહત્વની લાક્ષણિકતા એ છે કે ત્યાં આસાનીથી સોદાઓ થઈ શકે છે અને લાયસન્સ આપ્યાના ૨૪ કલાકમાં વિવિધ પ્રક્રિયાઓ શરૂ થઈ જાય છે. આ ઉપરાંત અજમાન ફ્રી ઝોન ૧૦૦ ટકા વિદેશી માલિકી અને મૂડી તથા નફો દેશમાં લઈ જવાનો લાભ પૂરો પાડે છે.

વકીલોની અન્નાગીરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાર એસોસિએશનના હોદ્દેદારોએ જણાવ્યું છે. બાર એસોસિએશનના જણાવ્યા મુજબ, નાયબ મામલતદારના વ્યવહાર વર્તન અને ભ્રષ્ટ નીતિના લીધે જિલ્લાના વકીલો તેમજ ખેડુતો ત્રાહીમામ પોકારી ગયા છે. આ મામલે અગાઉ સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં પણ કોઈ પરિણામ મળ્યું નથી. જેના પરિણામે નાયબ મામલતદારના ભ્રષ્ટાચાર અંગે ખેડૂત દ્વારા એ.સી.બી. વિભાગમાં ફરિયાદ આપવામાં આવી હતી. માલમતદાર કચેરીમાં આજે એ.સી.બી.ના અધિકારીઓએ છટકું ગોઠવી રેઈડ કરી હતી. જેમાં નાયબ મામલતદાર વિનોદ તન્ના લાંચ લેતા રંગે હાથ ઝડપાયા હતા. જેના અનુસંધાને ગાંધીનગર બાર એસોસીએશને આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લાની કોર્ટમાં પ્રેકટીસ કરતા વકીલોએ ભ્રષ્ટ અધિકારીને સહકાર ન આપવા ઠરાવ કર્યો છે. જેમાં અધિકારીના વકીલ તરીકે પણ કોઈ હાજર રહેશે તો તેને સસ્પેન્ડ કરી કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ જણાવાયું છે.

માથું છુંદાયું... ● ત્રીજા પાનાનું ચાલુ

નોકરીના કામે આજે બપોરે યુવાન તેનું બાઈક નં. જીજે ૧ ઈ.સી. ૭૧૬૧ લઈને કલોલના છત્રાલ ખાતે ગયો હતો. છત્રાલથી પરત ફરતી વેળાએ તેને ભયંકર અકસ્માત નડયો હતો. સ્વામિનારાયણનો ચુસ્ત ભકત કે જેના બાઈક પર પણ સ્વામિનારાયણ ભગવાનનો ફોટો ચોંટાડેલો છે તે યુવાનને શેરથા ગામના વળાંક પાસે એક લકઝુરીયસ કારે સાઈડમાંથી ટકકર મારી હતી અને ત્યાંથી કાર સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. આ કારની અડફેટથી ફંગોળાયેલો યુવાન આકાશ રસ્તા વચ્ચે પટકાયો હતો. પાછળથી હાઈવે પર બેફામ ગતિએ આવી રહેલા ટ્રકના ટાયર નીચે રસ્તા પર પડેલા આકાશનું માથું આવી જતાં રોટલો થઈ ગયું હતું અને સ્થળ પર જ તેનું મૃત્યુ નિપજયું હતું. અકસ્માતને નજરે દેખનાર સુત્રના જણાવ્યા મુજબ બાઈકને અકસ્માત કરનાર કારમાં સ્વામિ બેઠા હતાં. જો કે પોલીસ હજુ તે દિશામાં તપાસ ચલાવી રહી છે તો બીજી તરફ મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અડાલજ પોલીસે ટ્રકની તપાસ કરતાં ટ્રકમાં ખીચોખીચ વિદેશી દારૂનો જથ્થો ભરેલો મળ્યો હતો. આ ટ્રકના ચાલક અને કલીનર બુટલેગર ફરાર થઈ ગયા હતા. અડાલજ પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરીને દારૂ ભરેલી ટ્રક કબ્જે લઈ તપાસ આરંભી છે.

ફટાકડા ફૂટ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા અને ટ્રેપ ગોઠવીને રૂ. ૨૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. રૂ. ૨૫ હજારની લાંચ નાયબ મામલતદારે તેના મળતીયા ખાનગી વ્યક્તિ ચાવડા હરિસિંહ કરણસિંહ (રહે. પ્લોટ નં. ૨૬૩/૧, સેક્ટર-૨૫) મારફતે લાંચના રૂપિયા મેળવ્યા હતા. એ.સી.બી.ની ટીમે બન્નેની ધરપકડ કરી તપાસ કરતાં મળતીયા શખ્સ પાસેથી રૂ. ૨૫ હજારની લાંચના રૂપિયા ઉપરાંત બીજા રૂ. ૬૪,૨૭૦ મલી આવ્યા હતા. આ રૂપિયા પણ ભ્રષ્ટાચારના હોવાની શંકાને આધારે તે દિશામાં પણ તપાસ થઈ રહી છે. એ.સી.બી.ના છટકામાં પકડાયેલા વિનોદ તન્નાના ઘરે પણ સર્વે કરી અપ્રમાણસર મિલ્કતની તપાસ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વિનોદ તન્ના લાંચ લેતા ઝડપાયાના સમાચાર સાંભળીને સંખ્યાબંધ અરજદારો એ.સી.બી.ની ટીમને મળીને એસીબી સમક્ષ પાર્ટી થવા તૈયાર થઈ ગયા હતા કે આ અધિકારીએ તેમની પાસેથી પણ અગાઉ લાંચ લીધેલી છે.

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

ઓફીસ બોય અને ડ્રાયવર

ગાંધીનગર સેક્ટર-૧૧, શાલીન કોમ્પલેક્ષ સ્થિત ઓફીસ માટે ધોરણ-૧૦ પાસે તેમજ ડ્રાઈવીંગના જાણકાર તેમજ લાયસન્સ ધરાવતા ઉમેદવારને પ્રથમ પસંદગી

સંપર્ક : ૯૮૨૫૫૫૧૪૫૫

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫ 'ગ' રોડ, ગાંધીનગર

જાહેર નિવિદા

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા ખાતેના હોસ્ટેલ વિભાગના કપડાં ધોવાનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદારો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી (મરામત અને નિભાવણી) ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા ભાવો માગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૧૯/૩/૨૦૧૩ છે તથા ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તારીખ : ૩૦/૩/૨૦૧૩ ના રોજ ૧૬.૦૦ કલાક પહેલા ફકત આર.પી.એ